તા. 14-Dec-2024
સમય : બપોર ૧૨૦(નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-Dec-2024 બપોર – ૧.૨૦ થી ૧.૩૦

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

**1) લોકસભામાં ભારતીય બંધારણના 75 વર્ષની યાત્રા અંગે વિશેષ ચર્ચા બીજા દિવસે પણ યથાવત.**

**2) લોકસભામાં સોમવારે એક દેશ, એક ચૂંટણી સંબંધિત બે ખરડા રજૂ થશે.**

**3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં મુખ્યસચિવોના ચોથા રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યા છે**

**4) ભારતીય રિઝર્વ બેંકે જામીન વગરની કૃષિ ધિરાણની મર્યાદા 2 લાખ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો.**

**5) જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટની પ્રથમ સેમિફાઇનલમાં આજે ભારતનો મુકાબલો જાપાન સામે થશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# LS CONSTITUTION DISCUSSION

લોકસભામાં આજે ભારતીય બંધારણના 75 વર્ષની યાત્રા અંગે વિશેષ ચર્ચા ફરી શરૂ થઈ છે. ચર્ચામાં ભાગ લેતા સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ બંધારણ નિર્માણમાં ડૉ. ભીમરાવ આંબેડકરના યોગદાનની પ્રશંસા કરી હતી.

(બાઈટ- કિરેન રિજિજૂ, સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી)

શ્રી રિજિજૂએ કહ્યું, ‘દેશની આઝાદી બાદ દરેક નાગરિક માટે સમાન અધિકાર નક્કી કરાયા છે. દેશમાં લઘુમતીઓની સાથે કોઈ ભેદભાવ નથી અને તેમને કાયદાકીય રક્ષણ પણ મળી રહ્યું છે. દેશમાં છ લઘુમતી સમુદાયોનોના વિકાસ માટે અનેક યોજનાઓ ચલાવવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે લોકસભામાં આ ચર્ચાનો જવાબ આપશે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# VP

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે કહ્યું હતું  કે ભારતીય લોકશાહી અભિવ્યક્તિ અને સંવાદના સંતુલન પર કેન્દ્રિત હોવી જોઈએ. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે લોકશાહી માત્ર પ્રણાલીઓ પર જ નહીં પરંતુ મૂળ મૂલ્યો પર આધારિત છે. નવી દિલ્હીમાં ભારતીય પોસ્ટ અને ટેલિકોમ્યુનિકેશન એકાઉન્ટ્સ અને ફાઇનાન્સ સર્વિસના 50મા સ્થાપના દિવસ કાર્યક્રમને સંબોધિત કરતી વખતે ઉપરાષ્ટ્રપતિએ આ પ્રતિક્રિયા આપી  હતી. તેમણે કહ્યું કે, અભિવ્યક્તિ અને સંવાદ એકબીજાના પૂરક છે અને બંને વચ્ચે સંવાદિતા એ સફળતાની ચાવી છે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# BILLS ONE NATION ONE ELECTION

લોકસભામાં આ સોમવારે એક દેશ, એક ચૂંટણી સંબંધિત બે ખરડા રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય કાયદામંત્રી અર્જૂનરામ મેઘવાલ નીચલા ગૃહમાં બંધારણ 129મા સુધારા ખરડો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કાયદા સુધારા ખરડો રજૂ કરશે.

તાજેતરમાં, સરકારે એક દેશ, એક ચૂંટણીના વિચારની શોધ માટે રચાયેલી ઉચ્ચ સ્તરની સમિતિની ભલામણોને સ્વીકારી છે, જેનાથી સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં રચાયેલી આ સમિતિએ રાજકીય પક્ષો અને નિષ્ણાતો સહિત હિતધારકો સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેનો અમલ બે તબક્કામાં કરાશે.

પ્રથમ તબક્કામાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજાશે. જ્યારે પંચાયત અને નગરપાલિકા જેવી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ સામાન્ય ચૂંટણીના 100 દિવસની અંદર હાથ ધરાશે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# REV PM NATIONAL CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં મુખ્યસચિવોના ચોથા રાષ્ટ્રીય સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યા છે. ત્રણ દિવસનું આ સંમેલન ગઈકાલે શરૂ થયું હતું, જેમાં રાજ્યોની સાથે ભાગીદારીમાં એક પરસ્પર વિકાસ કાર્યસૂચિ અને યોગ્ય કાર્યવાહીની રચના તૈયાર કરવા તેમજ તેને લાગુ કરવા પર ધ્યાન અપાશે.

આ સંમેલનનો ઉદ્દેશ સહકારી સંઘવાદ પર ધ્યાન કેન્દ્રિત કરતાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચેની ભાગીદારીને વધુ મજબૂત કરવા અને ઝડપી વૃદ્ધિ તેમજ વિકાસ હાંસલ કરવા માટે યોગ્ય સહયોગ સુનિશ્ચિત કરવાનો છે. સંમેલનમાં દરેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યસચિવ, વરિષ્ઠ અધિકારી અને વિવિધ ક્ષેત્ર સાથે જોડાયેલા નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે. આ સંમેલન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કેન્દ્ર અને રાજ્યો વચ્ચે મજબૂત સહયોગને પ્રોત્સાહન આપવાના દ્રષ્ટિકોણથી પ્રેરિત મહત્વની પહેલ છે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# PM RAJ KAPOOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા, દિગ્દર્શક અને અભિનેતા સ્વર્ગીય રાજ કપૂરને આજે તેમની 100મી જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી મોદીએ લખ્યું કે, શ્રી કપૂર માત્ર એક ફિલ્મનિર્માતા જ નહીં પરંતુ સાંસ્કૃતિક રાજદૂત હતા કે, જેઓ ભારતીય સિનેમાને વૈશ્વિક મંચ સુધી લઈ ગયા. શ્રી મોદીએ સિનેમા પ્રત્યે તેમના જુસ્સાની પ્રશંસા કરતા કહ્યું, શ્રી કપૂરની ફિલ્મો કલાત્મકતા અને લાગણીઓનું મિશ્રણ છે, જે સામાન્ય નાગરિકોની આકાંક્ષાઓ અને સંઘર્ષોને પ્રતિબિંબિત કરે છે.

શ્રી મોદીએ રાજ કપૂરના પ્રતિકાત્મક પાત્રો અને અવિસ્મરણીય ધૂનોનો પણ ઉલ્લેખ કર્યો, જે વિશ્વભરના પ્રેક્ષકોને સતત ગુંજતું રહે છે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................

\- રીપીટ

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# MEA-SRI LANKA PREZ VISIT

શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે આવતીકાલથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવશે.

ગઈકાલે મીડિયાને માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા બાદ શ્રી દિસાનાયકેની આ પ્રથમ વિદેશ  મુલાકાત હશે. મુલાકાત દરમ્યાન શ્રી દિસાનાયકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પરસ્પર હિતના દ્વિપક્ષી, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ  પર ચર્ચા કરશે.

શ્રી જયસ્વાલે કહ્યું કે શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ નવી દિલ્હીમાં એક વ્યાપાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને બિહારમાં બોધગયાની પણ મુલાકાત લેશે. શ્રી દિસાનાયકેની આ મુલાકાત બંને દેશ વચ્ચે બહુપક્ષી અને પરસ્પર સહયોગને મજબૂત બનાવશે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# RBI-AGRICULTURE LOAN

ભારતીય રિઝર્વ બેંકે જામીન વગરની કૃષિ ધિરાણની મર્યાદા 1 લાખ 60 હજાર રૂપિયાથી વધારીને 2 લાખ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણય આવતા વર્ષે પહેલી જાન્યુઆરીથી લાગુ થશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે કે તેનો ઉદ્દેશ્ય ખેડૂતોને વધુ સારી નાણાકીય સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ નિર્ણયથી ખેડૂતો પર મોંઘવારી અને ખેતીના વધતા ખર્ચની અસરમાં ઘટાડો થશે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# HOCKEY

જુનિયર એશિયા કપ મહિલા હોકી ટુર્નામેન્ટની પ્રથમ સેમિફાઇનલમાં આજે ભારતનો મુકાબલો જાપાન સામે થશે. ઓમાનના મસ્કતમાં રમાનારી આ મેચ ભારતીય સમય અનુસાર સાંજે છ વાગ્યાથી શરૂ થશે.

ભારત ગુરુવારે થાઈલેન્ડને 9-0 થી હરાવીને સેમિફાઈનલમાં પહોચ્યું હતું. આ જીત સાથે ભારત આવતા વર્ષે ચિલીમાં યોજાનારા FIH  જુનિયર મહિલા હોકી વિશ્વ કપ માટે પણ ક્વોલિફાય થયું છે. જયારે આજે બીજી સેમિફાઇનલમાં ચીનનો મુકાબલો દક્ષિણ કોરિયા સામે થશે.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# DAY CRICKET-IND AUS

બ્રિસ્બનમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ક્રિકેટ મેચ આજે પ્રથમ દિવસે વરસાદના કારણે રદ થઈ છે.

પ્રથમ દિવસ દરમિયાન વરસાદને કારણે રમતમાં ઘણી વખત વિક્ષેપ પડ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા રમત બંધ થઈ ત્યાં સુધીમાં પ્રથમ દાવમાં કોઈ પણ નુકશાન વિના 28 રન બનાવ્યા હતા.

તા. 14-Dec-2024

સમય : બપોર ૧૨૦(નેશનલ)

# HYDERABAD AIR FORCE ACADEMY

ભારતીય વાયુસેનાના અધ્યક્ષ એરચીફ માર્શલ અમરપ્રીત સિંહે આજે નવનિયુક્ત અધિકારીઓને ભવિષ્યના નેતા અને કમાન્ડર બનાવવા માટે શુભેચ્છાઓ પાઠવી છે. હૈદરાબાદ પાસે ડુંડીગલમાં વાયુસેના અકાદમીમાં પાસિંગ આઉટ પરેડમાં તેમણે કહ્યું કે, ફ્લાઈંગ ઑફિસર માત્ર વાયુ સૈનિક જ નહીં, પરંતુ ભવિષ્યના નેતા અને કમાન્ડર પણ છે.

તેમણે ભારતીય વાયુસેનાના મૂલ્યો, અભિયાન, અખંડિતતા અને ઉત્કૃષ્ટતાને જાળવી રાખવાનો પણ આગ્રહ કર્યો હતો. ભારતીય વાયુસેના, ભારતીય નૌકાદળ અને તટરક્ષકના વિવિધ વિભાગોના 200થી વધુ ફ્લાઈટ કેડેટો ઉપરાંત મિત્ર દેશોના એક અધિકારીએ વાયુસેના અકાદમીમાં પોતાની તાલીમ પૂર્ણ કરી છે. આ પરેડામાં ભારતીય વાયુસેનામાં હથિયાર પ્રણાલિ શાખાના અધિકારીઓની પહેલી બેચને પણ સામેલ કરાઈ હતી.